ગાંધીનગર સમાચાર



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ના મનોદિવ્યાંગ વિદ્યાર્થી સંજય અંજારાએ રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત બોસીની રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી રૂપિયા સાત હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું છે. વિશિષ્ટ શિક્ષક રમીલાબેન પટેલનું માર્ગદર્શન સંજયને પ્રાપ્ત થયું હતું. આચાર્ય એલ વી રાતડિયા, સંયોજક નટુભાઈ લાડાણીએ સમગ્ર શાળા પરિવાર વતી ખેલાડી અને વિશિષ્ટ શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા

# ભાઈઓ માટે ઈન્ટરકોલેજ કબડ્ડી સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા ભાઈઓ માટે ઈન્ટરકોલેજ કબડ્ડી સ્પર્ધા યોજવામાં આવી હતી. વિશ્વ-વિદ્યાલય સંલગ્ન ૧૭ કોલેજોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ફાઈનલ મેચ અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ અને એમ એમ પટેલ સાયન્સ કોલેજ વચ્ચે યોજાઈ હતી, જેના અંતે અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજનો વિજય થયો હતો.

સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન અને સંચાલન યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશનના ડિરેક્ટર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. નૌરિન વૈપન્ના, પ્રૉ. હરીશ વનાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાને સફળ બનાવવા માટે ભરત ચાવડા, હર્ષ પટેલ, હર્ષદ ચૌધરી અને દશરથભાઈનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સમગ્ર સ્પર્ધાના ચીફ રેફરી તરીકે કેવલચંદ્ર સુથાર અને કબડ્ડી એસો.ના રેફરીઓએ પોતાની સેવાઓ પૂરી પાડી હતી.

## જન્મદિને વધામણી



લીલાવતી ચિત્રસેન શાહ



હાર્દિક પરીખ

મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી. ઇંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ઈંગ્લિશ રેસિટેશન કોમ્પિટિશન યોજાઈ હતી. કાર્યક્રમનું સફળ અને રસમય સંચાલન શિક્ષક અમરિન સિદ્દીકીએ કર્યું હતું, જ્યારે જજ તરીકે એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરીના શિક્ષિકા રાજેશ્રી પંચાલ, એસ.જી. પ્રાઈમરીના શિક્ષિકા શિનીમોલ વર્ગીસ, એસ.વી. પ્રિ-સ્કૂલના ભૂમિકા વ્યાસ અને દિપ્તી ઉપાધ્યાયે સેવાઓ આપી હતી. બાળકોમાં ઈંગ્લિશ ભાષા પ્રત્યે રુચિ વધે, તેઓ આ ભાષા ઉપર પ્રભુત્વ મેળવે તેમજ તેમનો સ્ટેજ ફિયર દૂર થાય,તે હેતુથી સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ઈન્ટરનલ માર્ક્સથી વિદ્યાર્થીઓનાં શોષણની એકેડેમી એસો.ની રાવ

## શિક્ષકો-સંચાલકો દ્વારા વ્હાલા-દવલાની નીતિ અપનાવાતી હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૧૮

ફેડરેશન ઓફ એકેડેમી એસોસીએશન ગુજરાતના પ્રમુખ વિજયભાઈ મારૂએ જણાવેલ છે કે ધો. ૧૦માં ઈન્ટરનલ માર્કસ આપવામાં આવે છે. શિક્ષકો અને સંચાલકો દ્વારા વ્હાલા-દવલાની નીતિ અપનાવવામાં આવે છે. ટ્યુશનમાં આવતા વિદ્યાર્થીઓને માર્કસની લ્હાણી કરવામાં આવે છે. પેપર અગાઉ આપી દેવામાં આવે છે. જેથી ઈન્ટરનલ માર્કસ રદ કરવાની માંગણી કરવામાં આવે છે.

ટ્યુશન કરતા શિક્ષકો-ડે કેર શાળાઓ સામે પગલાં લેવામાં નહિ આવે તો જનતારેડ કરવામાં આવશે. ટ્યુશનિયા શિક્ષકો બેરોકટોક વિદ્યાર્થી-વાલીઓનું માનસિક શોષણ કરે છે, એમ ગુજરાત ફેડરેશન ઓફ એકેડેમી એસોસીએશનના પ્રમુખ વિજયભાઈ મારૂએ જણાવેલ છે.



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં ખાદ્ય ખોરાક પ્રદર્શનનો પ્રારંભ ૧૯મી ડિસેમ્બરથી કરવામાં આવ્યો છે, જે ૨૨ ડિસેમ્બર સુધી ચાલશે. પ્રદર્શનનો પ્રારંભ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો હતો, જેમનું સ્વાગત ખ્યાતનામ શૅફ કનીનિકા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પ્રદર્શનના હોલ નં. ૯માં કનીનિકા મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલી વિશિષ્ટ વાનીઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ પૈકી સાડા છ ફૂટની કેકનું દર્શકોમાં ભારે આકર્ષણ જાગ્યું છે. ‘સેવ એન્વાયરમેન્ટ, સેવ ટ્રી’ થીમ પર આ કેક તૈયાર કરવામાં આવી છે, જેમાં એક વૃક્ષ ઉપર ઘણા બધા જીવોનો સમાવેશ કરાયો છે. એક વૃક્ષ કપાતાં આવા સેંકડો જીવોનો પણ નાશ થાય છે એવો સંદેશ આ કેકના માધ્યમથી કનીનિકાએ આપ્યો છે. ૩૦ કિલો જેટલા ફોન્ડન્ટથી બનેલી આ કેકની વિશેષતા એ છે કે તેમાં દેખાતા પક્ષી, સાપ અને અન્ય સઘળા જીવો પણ ખાઈ શકાય તેવી વસ્તુઓમાંથી જ તૈયાર કરવામાં આવ્યા છે.

# જીઆઈપીએસમાં કાવ્યપઠન કાર્યક્રમ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ENGLISH RECITATION COMPETITIONનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ અલગ અલગ વિષયો પર સુંદર કવિતાઓ રજૂ કરી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# નર્સિંગ કૉલેજ ખાતે ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ અવેરનેસ પ્રોગ્રામ





ઈન્ડિનય રેડ ક્રોસ સોસાયટી દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અવેરનેસ પ્રોગ્રામ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન નર્સિંગ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. રાજ્ય રેડ ક્રોસના સુરેશભાઈ ગામી, ડૉ. રૂદ્રેશ શર્મા, કૌશિકભાઈ ઠાકર અને હર્ષિલ દવે દ્વારા બે દિવસ દરમિયાન થિયરીકલ અને પ્રેક્ટિકલ તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ૬૨ વિદ્યાર્થીઓએ આ તાલીમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આચાર્ય રાજેશભાઈ રાવલ, ક્લુઈ વાની, ભાવિશાબેન પટેલ, પ્રેમકુમારજી, હિમાલીબેન પ્રજાપતિ, ગાંધીનગર જિલ્લા રેડ ક્રોસના જીલુભા ધાંધલ, એમ એમ સોલંકી અને જી કે ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરણ ૧૨ કોમર્સ પછી બીબીએ માટે શ્રેષ્ઠ કોલેજ કઈ?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. મારે ધોરણ ૧૨ પછી થતી પ્રવેશ પરીક્ષાઓ જેમ કે આઇ.આઇ. ટી. – જે.ઈ.ઈ. વિગેરે આપવી છે. સ્કૂલ અને ટ્યુશન બાદ ઘરે આવીને પૂરું વાંચન કરી શકાતું નથી. ટાઈમ મેનેજમેંટ કઈ રીતે કરવું?**

**- કિરણ સાધુ, ગાંધીનગર**

તમારી તમારા કરિયર વિષેની જાગૃતતા જોઈને ઘણો આનંદ થાય છે. સૌપ્રથમ, તમે જણાવેલી સમસ્યા તમારા એકલાની નથી. તમારા જેવા લાખો વિદ્યાર્થીઓ જે ૧૨માં ધોરણની પરીક્ષા આપી રહ્યા હોય છે તેમને આ જ સવાલ છે. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે કરવું? આનો જવાબ ખૂબ સરળ છે. અને તે છે “ધ્યેય”. તમારો ધ્યેય નક્કી કરો. તમારે શું કરવું છે કરિયરમાં. શું તમારે એંજીનિયર બનવું છે આઇ.આઇ.ટી.માં થી? શું તમારે ૧૨માં પછી આઇ.આઇ.એમ.માં જવું છે? શું તમારે વિદેશ જવું છે? જે પણ તમારો ધ્યેય હોય તે નક્કી કરો. તે નક્કી કર્યા પછી તમારા દિવસનો મોટાભાગનો સમય તમારા ધ્યેય સુધી પોહચવામાં લગાવી દો. સ્કૂલમાં જે ભણાવતા હોય તેના પર ધ્યાન આપો. ત્યાં ભણી લેશો, તો ટ્યૂશનની જરૂર ઓછી પડશે અને તમારો ટીમે બચશે. સ્કૂલ સમય સિવાયના સમયમાં તમારા ધ્યેય તરફ આગળ વધો. દરેક વિષય નું પ્લાનિંગ કરો. જેમ કે દિવસનો કેટલો સમય તમે રસાયણ વિજ્ઞાનને આપશો, કેટલો



ગણિતને આપશો, અને આવી જ રીતે બધા વિષયો વાંચવાનું એક પ્લાનિંગ કરો. અઠવાડીયામાં કેટલા ચેપ્ટર પૂરા કરશો તેનું પણ પ્લાનિંગ કરો. આવું કરવાથી તમારી તૈયારી એક ચોક્કસ દિશામાં થશે અને તમને તમારા ધ્યેય તરફ આગળ વધારશે. જે પ્લાનિંગ કરો એમાં થોડો સમય અડધો કલાક જેટલો, થોડા- થોડા અંતરે, તમે રિલેક્સ અને ફ્રેશ રહો એના માટે પણ ફાળવજો. અને આ બધા ટાઈમ મેનેજમેંટનો કોઈ મતલબ નહીં રહે જો તમે તમારા પ્લાનિંગને અમલમાં નહીં મૂકો! એક નિયમ બનાવી લેજો, જ્યાં સુધી દિવસનું નક્કી કરેલું કામ પૂરું ના થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનુ. આ રીતે તમારો ટાઈમ ખૂબ સારી રીતે મેનેજ થશે અને તમે તમારા ધ્યેય ને સરળતાથી પ્રાપ્ત કરી શકશો. એટલું જરૂર યાદ રાખજો કે જો તમે મક્કમ હોવ, તો કોઈપણ વસ્તુ અશક્ય નથી અને પ્લાનિંગ સાથે કોઈ પ્રેશર નથી! વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. હું અત્યાર ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. બી.બી.એ. માટે શ્રેષ્ઠ કઈ કોલેજ છે?**

**- અમીષ પટેલ, ગાંધીનગર**

અમીષ, આપનો લક્ષ્ય ખૂબ સરસ છે. બી.બી.એ. કર્યા પછી આપ મેનેજમેંટના ક્ષેત્રે આગળ વધી શકો છો. તમને જણાવવા માંગીશું કે બી.બી.એ. માટે ઘણી બધી કોલેજ છે જેના પર તમે પસંદગી ઉતારી શકો છો. પણ જો આપે કોઈ સારી અને પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન લેવુ હોય તો આપે એના માટે મોટા ભાગે પ્રવેશ પરીક્ષા આપવાની હૉય છે.આપને જણાવી દઈએ કે બી.બી.એ / એમ.બી.એ. માટે આઈ.આઈ.એમ. - આઈ.પી.એમ એટ્લે કે ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેંટ - ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ નામની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.આઈ.એમ (ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ), ઇંદૌરમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ભારતમાં શ્રેષ્ઠ ગણાતી એવી ૨૦ આઈ.આઈ.એમ.માંથી એકમાત્ર આઈ.આઈ.એમ ઈંદોર જ છે જે આપને ધોરણ ૧૨ પછી ડાયરેક્ટ એમ.બી.એ. માટેનો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવે છે. અન્ય ઘણી કોલેજ છે જે આપને આઈ.એમ.બી.એ. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ માસ્ટર ઈન બિઝ્નેસ




છે. સામાન્ય રીતે આ કોર્સમાં બી.બી.એ અને એમ.બી.એ કરવા માટેનો પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે જેમાં ૩ વર્ષ બી.બી.એ અને બાકીના ૨ વર્ષ એમ.બી.એ નો સમાવેશ થાય છે. આઈ.એમ.બી.એ. માટે આપ પ્રતિષ્ઠિત કોલેજ જેમ કે સિમ્બાયોસિસ, નર્સી મોનજી, સેંટ જહેવીઅર્સ, અને એવી અન્ય પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો. ઉપર જણાવ્યા મુજબ મોટા ભાગ ની કોલેજ માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે. અમુક પ્રવેશ પરીક્ષા આપણે જણાવીશું જેમ કે યૂ.જી.એ.ટી., એસ.ઈ.ટી. યૂ.જી., એન.પી.એ.ટી., વિગેરે. પ્રવેશ પ્રક્રિયામાં લગભગ લેખિત/ ઓનલાઈન પરીક્ષા આપ્યા બાદ આપે જી.ડી એટ્લે કે ગ્રુપ ડિસ્કસન અને ઈન્ટરવ્યુ પાસ કરવાના હોય છે. આ પ્રવેશ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાતા હોય છે, જે માટે ની તૈયારી આપ અત્યારથી જ કરી શકો છો. શિષ્ટબદ્ધ તૈયારી કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું અત્યારે ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. સી.એ.ની પરીક્ષા વિશે માહિતી આપશો.અને સારા સ્ટેટસ વાળી જોબ મેળવવા શું કરવું?**

**- કેતન સુવાળા, અમદાવાદ**

કેતન, સી.એ બનવા માટે સામાન્ય રીતે ત્રણ તબક્કા હોય છે. પ્રથમ છે સી.પી.ટી. એટ્લે કે કોમન પ્રોફિશિએંસી ટેસ્ટ. એ પાસ કર્યા પછી આવે છે આઈ.પી.સી.સી એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સ.એ પછી આવે છે આર્ટીકલશિપ કે જેમાં આપે કોઈ સી.એ. જોડે ૩ વર્ષ પ્રેક્ટિસ કરવાની હોય છે. આર્ટીકલશિપ કર્યા પછી આપ સી.એ. ફાઈનલની પરીક્ષા આપી શકો છો. તેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ સી.એ. બની શકો છો. આ પ્રથમ તબક્કો એટ્લે કે સી.પી.ટી. આપ ધોરણ ૧૨ પછી આપી શકો છો. જો આપ ગ્રેજ્યુએશન પછી સી.એ. કરવા માંગો છો તો આપ ડાઈરેક્ટ આઈ.પી.સી.સી. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ પ્રોફેશનલ કોમ્પેટેન્સી કોર્સમાં ઉત્તિર્ણ થવાનુ હોય છે. તેના પછી આપ આર્ટીકલશિપ અને સી.એ. ફાઈનલની પરીક્ષા આપી, સી.એ. બની શકો છો. હવે આપના બીજા પ્રશ્ન પર આવીએ એ સારા સ્ટેટસવાળી જોબ મેળવવા માટે શું કરવું? તો આપને જણાવી દઈએ કે સ્ટેટસ કે સ્ટેટસ એ સફળતા સાથે જોડાયેલુ છે. અને સફળતા એ આપ ના કામ જોડે જોડાયેલી છે. જો આપ કામ ખુબજ સારું કરશો તો આપ ને સફળતા અને સ્ટેટસ બંને મળશે.



ઉધારણ તરીકે સચિન તેંદુલકરએ કોઈ સ્પેશિયલ કોર્સ નથી કર્યો પણ તે પોતાના કામમાં ખૂબ રુચિ ધરાવે છે અને એટલેજ તે સફળ પણ છે અને તેની પાસે ખૂબ સારું સ્ટેટસ પણ છે. રુચિ એટ્લે કે લગાવ કયા ક્ષેત્ર માટે વધુ છે એ મહત્વનું છે. જે ક્ષેત્રમાં આપને લગાવ હોય તે ક્ષેત્ર આપ પસંદ કરો છો તો આપને એમાં સફળતા અચૂક મળે છે. જેમ કે સી.એ. અને એમ.બીમ.એ. બન્નેમાં આપને સારા સ્ટેટસ ની જોબ મળી શકે છે. પણ અંતે આપેજ નક્કી કરવાનું રહે છે કે આપને રુચિ કયા વિકલ્પ તરફ વધુ છે. આપ સફળ હશો તો સ્ટેટસ આપોઆપ મળશે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner